# ભોપાલમાં આજે ભાજપનો મહાકુંભ

નવી દિલ્હી,તા. ૨૪

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતીના વડા નરેન્દ્ર મોદી આવતીકાલે ભોપાલમાં આયોજિત કાર્યકરોના મહાકુંભમાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા છે. મોદીના સંબોધન પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. મોદી એકપછી એક રાજ્યમાં ચૂંટણી પ્રચારના ભાગરૂપે રેલીને સંબોધન કરનાર છે. જેના બાગરૂપે આ રેલી યોજાશે. ભાજપના કાર્યકરો દાવો કરી રહ્યા છે કે મહાકુંભમાં ૫૦ હજાર મુસ્લિમ લોકો પહોંચનાર છે. જેમાં પાંચ હજાર મુસ્લિમ મહિલાનો સમાવેશ થાય છે. ૨૫મી સપ્ટેમ્બરના દિવસે પણ મોદી ભોપાલમાં આયોજિત થનારી રેલીમાં ભાગ લેનાર છે. આ રેલીમાં ભાગ લેનાર લોકો પાસેથી ભાજપે પાંચ રૂપિયાની ટિકિટનો નિર્ણય કર્યો છે. આગામી મહિનામાં બેંગલોરની રેલી માટે ટિકિટના દર પાંચના બદલે ૧૦ કેમ કરવામાં આવી રહ્યા છે તે અંગે પૂછવામાં આવતા અધિકારીએ કહ્યું હતું કે આ પગલાંનો મુખ્ય હેતુ લોકોને પાર્ટી અને તેની વિચારધારા તથા મોદી સાથે જોડવાનો છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર બન્યા બાદથી મોદી જુદા જુદા રાજ્યોમાં ચૂંટણી પ્રચારના ભાગરૂપે રેલીઓ કરી રહ્યા છે. તેમની રેલીઓમાં મોટી સંખ્યામાં લોકો પણ પહોંચી રહ્યા છે. ભોપાલની રેલીમાં પણ લાખો લોકો પહોંચે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. દેશમાં સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરેલા નરેન્દ્ર મોદી ની લોકપ્રિયતાનો લાભ લેવા ભાજપના તમામ નેતાઓ લાગેલા છે. મોદીની રેલી માટે ટિકિટના દર પણ રાખવામાં આવ્યા છે. અગાઉ ટિકિટ ખરીદીને પણ લોકો મોદીની રેલીમાં પહોંચ્યા હતા. હવે દિલ્હી, બેંગ્લોરમાં પણ રેલીઓ યોજાનાર છે. દિલ્હીમાં આ મહિનામાં જ રેલી બાદ બેંગ્લોરમાં મોદીની રેલી થશે જેમાં ટિકિટના દર પાંચથી વધારીને ૧૦ કરાયા છે.



## અનાજનું ઉત્પાદન રેકોર્ડ સપાટી નજીક પહોંચે તેવા સ્પષ્ટ એંધાણ

નવી દિલ્હી,તા. ૨૪

આ ઉનાળા દરમિયાન અનાજનુંઉત્પાદન ઓલટાઈમ હાઈની સપાટીથી થોડુ ઓછુ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આનાથી ચૂંટણી પહેલા ફુગાવાને અંકુશમાં લેવા અને વિકાસને પ્રોત્સાહન આપવા મદદ મળશે. યુપીએ સરકાર માટે આ ખૂબ સારા સંકેત સમાન છે. પ્રાથમિક સરકારી અંદાજમાં જણાવવામાં આવ્યુ છે કે મોટા પાયે નિકાસ પણ અનાજની કરી શકાશે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે બમ્પર ઉત્પાદન થઈ શકે છે. અલબત્ત ચોખાનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ઓછુ રહી શકે છે. કારણકે કેટલાક પૂર્વિય રાજ્યોના ચોખા ઉત્પાદક વિસ્તારોમાં વરસાદે જટિલ સ્થિતિ સર્જી છે. સિંચાઈ વગર ૫૫ ટકા કૃષિભૂમિમાં મોનસૂન પાણી ફરી વળ્યુ છે. કૃષિ પ્રધાન શરદ પવારે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે સામાન્યરીતે ખૂબ સારી સ્થિતિ રહેશે કારણ કે ખૂબ સારો વરસાદ નોંધાયો છે. પ્રથમ અંદાજ કરતા પાંચથી ૧૦ ટકા અંતિમ અંદાજ વધારે રહેશે. આ ઉનાળાની વાવણીનું કુલ ઉત્પાદન જુલાઈથી વર્તમાન પાક વર્ષમાં ૧૨૯.૩ મિલિયન ટન સુધી પહોંચે તેવી શક્યતા છે. આ અનાજ ઉત્પાદન રેકોર્ડની નજીક છે. ફાર્મ કમિશનર જેએસ સંધુએ કહ્યુ છે કે ૨૦૧૧-૧૨ના ૧૩૧.૩ મિલિયન ટનના રેકોર્ડ અનાજ ઉત્પાદન કરતા આંકડો થોડોક ઓછો રહેશે. જો કે ગયા વર્ષ કરતા ૦.૯ ટકા વધારે ઉત્પાદન રહેશે. બમ્પર ઉત્પાદનનો મતલબ એ થયો કે ભારત કપાસ, ચોખા અને ખાંડની નિકાસ ખૂબ સારી રીતે કરી શકશે. ભારતની ખાદ્યતેલની આયાતને ઘટાડી શકે તે તેલિબિયાનું ઉત્પાદન ૧૫ ટકા સુધી વધી શકેછે જ્યારે લેનટીલનું ઉત્પાદન ૩.૨ ટકા સુધી વધી શકે છે. અગાઉના વર્ષમાં ૯૨.૮ મિલિયન ટનની સરખામણીમાં ચોખાનું ઉત્પાદન ૯૨.૩ મિલિયન ટન સુધી પહોંચી શકે છે. ચોખા ઉત્પાદનમાં નજીવો ઘટાડો રહી શકે છે. જો કે ભારતમાં સ્ટોકની ક્ષમતા ૨૧ મિલિયન ટનની છે. સરકાર કૃષિ વિકાસ માટે બમ્પર પાક પર અપેક્ષા રાખી રહી છે. ભારત વિશ્વમાં સૌથી મોટા ઉત્પાદક દેશ તરીકે અને અનાજ અને ખાંડના સૌથી મોટા વપરાશકાર દેશ તરીકે છે. ચોખા, ઘઉં, ખાંડ, કપાસની નિકાસ પણ કરવામાં આવે છે.

**શરદ પવારનો સ્પષ્ટ અભિપ્રાય**

## જેને ૧૮૦ સીટ મળશે તે કેન્દ્રમાં સરકાર બનાવશે

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય કૃષિ પ્રધાન અને એનસીપીના નેતા શરદ પવારે આજે કહ્યું હતું કે બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને ભાજપમાંથી જે પાર્ટી વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં ૧૮૦ બેઠક કરતા વધારે સીટ જીતી જશે તે પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવી શકશે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે આગામી વર્ષે કેન્દ્રમાં કોણ આવશે તેમાં નાના પ્રાદેશિક પક્ષોની ભૂમિકા પણ મહત્વની રહેશે. પવારે દાવો કર્યો હતો કે જે પાર્ટી ચૂંટણીમાં ૧૮૦-૧૯૦ સીટ જીતી જશે તે પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવી લેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તૃણમૂળ કોંગ્રેસ, ડીમકે, અથવા તો ઉત્તરપ્રદેશના બે પક્ષો મુલાયમ સિંહ યાદવના સમાજવાદી પક્ષ અને માયાવતીના બહુજન સમાજ પાર્ટીની મદદથી કેન્દ્રમાં સરકાર બનશે. મુલાયમ સિંહ યાદવ, માયાવતી, નવિન પટનાયક અને નિતિશ કુમાર મોટા પરિબળ તરીકે ઉભરી આવશે. કોંગ્રેસ અને યુપીએ માટે સ્થિતી ખરાબ થઈ છે તેમ માનવા માટે કોઈ કારણ નથી. મોદી માટે નેટવર્ક સતત વધી રહ્યો હોવાના અહેવાલને પવારે રદિયો આપ્યો હતો. કૃષિ પ્રધાને કહ્યું હતું કે જે સ્થિતી રજૂ કરવામાં આવી રહી છે તે સ્થિતી કરતા વાસ્તવિક સ્થિતી જુદા પ્રકારની છે. યુપીએ સત્તા જાળવી રાખવામાં સક્ષમ છે.રાહુલ ગાંધીને પ્રોજેક્ટ કરવાથી કોંગ્રેસને ફાયદો થશે કે કેમ તે અંગે પવારે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. એનસીપી અને કોંગ્રેસ વચ્ચે હાલમાં ખુબ સારા સંબંધ છે. તેમની વચ્ચે સંબંધોમાં કોઈ તિરાડ નથી. નીચલા સ્તરે પણ પરિસ્થિતીની સમીક્ષા કરવામાં આવી રહી છે.

## પાકિસ્તાનમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપ બાદ ભારતમાં પણ અસર


નવી દિલ્હી,તા. ૨૪

પાકિસ્તાનમાં ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો નોંધાયા બાદ તેની સીધી અસર રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને એનસીઆરના અન્ય વિસ્તારમાં નોંધાઈ હતી. દિલ્હી અને ગુજરાતના ઘણા ભાગો પણ ભૂકંપના કારણે હચમચી ઉઠ્યા હતા. અમદાવાદ શહેરમાં રહેતા લોકોમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુછે કે દક્ષિણ પશ્ચિમ પાકિસ્તાનમાં ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ આંચકો આવ્યા બાદ દિલ્હી અને એનસીઆરના પ્રદેશોમાં પણ આંચકાની અસર જોવા મળી હતી. આ પ્રચંડ આંચકો બલુચિસ્તાન પ્રાંતમાં ખુજદાર શહેરથી ૧૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમે સ્થિત વિસ્તારમાં સાંજે ૪.૨૯ વાગ્યે આવ્યો હતો. ભૂગર્ભમાં આંચકાનું કેન્દ્ર હોવાથી ખુવારી ટળી ગઈ હતી. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે મૂળભૂતરીતે આંચકાની તીવ્રતા ૭.૪ આંકી હતી અને આનું કેન્દ્ર ભૂગર્ભમાં ૨૯ કિલોમીટર નીચે નોંધાયુ હતુ. જો કે મોડેથી આ વિભાગે આંકડો સુધારીને જણાવ્યુ હતુ કે આની તીવ્રતા ૭.૮જેટલી નોંધાઈ હતી. મુખ્ય કેન્દ્ર ધરાવતા વિસ્તાર ખૂબ જ વસ્તીવાળા હતા જેથી ભૂકંપ બાદ રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. પાકિસ્તાનમાં રહેતા કેટલાક લોકોએ કહ્યુ હતુ કે પ્રચંડ ભૂકંપની અસર જોવા મળી રહી છે. નવી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. પાકિસ્તાન સાથેની સરહદ નજીક આવેલા ગુજરાતના અનેક ભાગોમાં પણ આંચકાની અસર જોવા મળી હતી જેમાં અમદાવાદનો પણ સમાવેશ થાય છે. કવેટાથી ૩૫૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમે સ્થિત અવારણ જિલ્લામાં ઘણા મકાનો ધરાશાયી થઈ ગયા હતા. પાકિસ્તાનમાં કેટલાક લોકોને ઈજા પણ થઈ છે. અત્રે નોંધનીય છે કે એપ્રિલ મહિનામાં દક્ષિણ પૂર્વ ઈરાનમાં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. બલુચિસ્તાનની સરહદ નજીક ઈરાનમાં આવેલા આ ભૂકંપમાં ૪૧ લોકોના મોત થયા હતા. સરહદની પાકિસ્તાની બાજુએ ૧૨૦૦૦ લોકોને અસર થઈ હતી. કરાંચી શહેર અને આસપાસના વિસ્તારોમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

## દિલ્હીમાં મોદીના ભાષણના પ્રસારણ માટે તમામ તૈયારી

નવી દિલ્હી,તા. ૨૪

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના દિલ્હીમાં આયોજિત ભાષણ પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપના કાર્યકરો આ રેલીને સફળ બનાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ નરેન્દ્ર મોદીના ભાષણનુ જીવંત પ્રસારણ કરવા માટે જાહેર સ્થળો પર કુલ ૧૦૦ એલઈડી સ્ક્રીન મુકવામાં આવશે. નરેન્દ્ર મોદી ૨૯મી સપ્ટેમ્બરના દિવસે સંબોધન કરનાર છે. એમ પણ માનવામાં આવે છે કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રથમ મોટી જાહેર રેલીમાં પાંચ લાખ લોકો પહોંચી શકે છે. સ્ક્રીન સ્થાપિત કરવાની જેમને જવાબદારી સોંપવામાં આવી છે તે અને દિલ્હી ભાજપના નાયબ પ્રમુખ અભય વર્માએ કહ્યુંછે કે મોટા એલઈડી સ્ક્રીન ગોઠવવામાં આવશે. જાહેર સ્થળો પર સ્ક્રીન ગોઠવવામાં આવનાર છે. શહેરમાં રહેતા તમામ લોકો સુધી મોદીના ભાષણને જોઈ શકાય તેની



ખાતરી કરવા માટે આ સ્ક્રીન ગોઠવવામાં આવનાર છે. માર્કેટ, રેલવે સ્ટેશન, આંતર રાજ્ય બસ સ્ટેશન અને અન્ય જગ્યાએ આ એલઈડી ગોઠવવામાં આવશે. રેલીને સફળ બનાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વર્ષે જ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપે દિલ્હી ચૂંટણી માટે હજુ સુધી મુખ્યપ્રધાનપદના ઉમેદવાર તરીકે કોઈની પસંદગી કરી નથી જેથી મોદીના ભાષણ પર તમામની નજર રહેશે. કોંગ્રેસના ત્રણ વખતના મુખ્યપ્રધાન શિલા દિક્ષિત સામે મજબુત ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવશે. મોદીનો જાદુ ચાલશે કે કેમ તે દિલ્હીમાં ૨૯મી સપ્ટેમ્બરના દિવસે યોજાનારી રેલીથી સાબિત થશે. દિલ્હીમાં ભાજપના વરિષ્ઠ નેતા વિજેન્દ્ર ગુપ્તાએ કહ્યું છે કે મોદી અમારા વડાપ્રધાનપદના ઉમેદવાર છે. તેમના ભાષણને મહતમ લોકો સાંભળે તેવી અમારી ઈચ્છા છે. એલઈડી ગોઠવવા માટે માર્કેટ એસોસિએશન તરફથી અમને ઘણી વિનંતિ પણ મળી છે. એક બે દિવસમાં તમામ પ્રક્રિયાને પૂર્ણ કરી લેવાશે. ભાજપ રેલીમાં મોટી સંખ્યામં વેપારીઓને આવરી લેવાની પણ યોજના ધરાવે છે.

## દિલ્હી ગેંગ રેપ : આજથી દરરોજ સુનાવણી કરાશે

નવી દિલ્હી,તા. ૨૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૬મી ડિસેમ્બરનાગેંગ રેપ કેસમાં ચાર અપરાધીઓને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાના સમર્થન માટે ટ્રાયલ કોર્ટના રેફરન્સ પર દિલ્હી હાઇકોર્ટમાં દરરોજની સુનાવણી આવતીકાલથી શરૂ થશે. હાઈકોર્ટે આજે કહ્યુ હતુ કે ચાર અપરાધીઓને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજા અંગે દલીલો પર આવતીકાલથી સુનાવણી શરૂ થશે. જે અપરાધીઓને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે તેમાં ૨૬ વર્ષીય મુકેશ, ૨૮ વર્ષીય અક્ષય ઠાકુર, ૧૯ વર્ષીય પવનગુપ્તા અને ૨૦ વર્ષીય વિનય શર્માનો સમાવેશ થાય છે. ૧૩મી સપ્ટેમ્બરના દિવસે તમામ અપરાધીઓને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ મામલાને લઈને સમગ્ર દેશમાં ભારે હોબાળો મચી ગયો હતો. ટ્રાયલ કોર્ટે હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવા અપરાધીઓને ૩૦ દિવસની મહેતલ આપી હતી. ચાર અપરાધીઓને સેશન્સ કોર્ટ દ્વારા અમાનવીય ગેંગ રેપ કેસમાં મૃત્યુદંડની સજા કરી હતી અને કહ્યુ હતુ કે આ મામલો રેરેસ્ટ ઓફ રેર કેટેગરીનો છે. મુખ્ય આરોપી ૩૪ વર્ષીય રામસિંહે તિહાર જેલમાં પોતાના સેલમાં જ આત્મહત્યા કરી લીધી હતી. દિલ્હી હાઈકોર્ટમાં વકીલ એપી સિંહ કહી ચુક્યા છે કે તેઓ અપરાધી અક્ષય અને વિનય તરફથી ઉપસ્થિત રહેશે જ્યારે વકીલ વિવેક શર્મા પવન તરફથી ઉપસ્થિત રહેશે.અપરાધી મુકેશ તરફથી વકીલ વીકે આનંદ રજુઆત કરશે.

## સમાચાર ઝલક

- ♥ એલ.પી.જી, રેશનકાર્ડ, ટેલિફોન મેળવવા માટે આધારકાર્ડ જરૂરી નથી : સુપ્રીમકોર્ટનો આદેશ.
- ♥ મુંબઇમાં મોડલના શરીરનાં ટુકડા એક રોડની બાજુમાં મળી આવ્યાં.
- ♥ ઓપિનિયન પોલ પર ટૂંક સમયમાં જ પ્રતિબંધની તૈયારી કરતી સરકાર.
- ♥ અમરેલીમાં પરીક્ષા રૂમમાં વિદ્યાર્થીઓએ છરી-સાંકળ કાઢતાં સન્નાટો.
- ♥ એટર્ની જનરલ પર સોનિયા ગાંધીના નામે બનાવટી ફોન કોલની ઘટના સામે આવી.
- ♥ બરવાળા ગામે શિવમંદિરના જીણોદ્ધાર દરમિયાન પોઠિયો મળી આવ્યો.
- ♥ ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચની સાથ ફરીથી ફિલ્મોમાં એન્ટ્રી કરવા તૈયાર.
- ♥ ટ્યુમરની સારવાર માટે હવે ઓપરેશનની જરૂર નહીં રહે.
- ♥ ભારતમાં ૮ કરોડ માનસિક બિમાર વ્યક્તિઓ જીવી રહ્યાં છે.
- ♥ કૃષિ ધિરાણ પરનું વ્યાજ અઠવાડિયામાં ચુકવાશે, સરકારની ખેડૂતોને હૈયાધારણા.
- ♥ કેન્યામાં પાંચ ગુજરાતીઓએ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવ્યા.
- ♥ કોંગ્રેસના ૯૦ વર્ષીય એન.ડી.તિવારી જાહેર કાર્યક્રમમાં મહિલા સાથે નાચવા લાગ્યા, અગાઉ પણ અનેક વિવાદોમાં સપડાયા છે.
- ♥ આજે હરિયાણી પરિવાર પૂ. મોરારિબાપુનો જન્મદિન ઉજવશે.
- ♥ અમરનાથ યાત્રા માર્ગ પરથી ૬ ટન પ્લાસ્ટિક કચરાનો નિકાસ કરાયો.
- ♥ અનઅધિકૃત સરકારી વાહનો પર લાલ-પીળી લાઇટો ઉતારવા જાહેરનામુ.
- ♥ સુરતમાં અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ, લોકોમાં ભયનું લખલખું.
- ♥ વિશ્વ કુસ્તી સ્પર્ધામાં ભારતીય પહેલવાન સંદીપ તુલસી યાદવે નવો ઇતિહાસ રચ્યો.
- ♥ ૨૦૧૬ સુધીમાં ફાસ્ટફૂડનો ધંધો રૂપિયા ૭ હજાર કરોડનો થશે.
- ♥ ગુજરાતના ૧.૧૦ લાખ કરોડનાં પ્રોજેક્ટો મંજુરીનાં અભાવે અટવાયા છે.
- ♥ પ્રાયોગિક ધોરણે ૯૯૫ શાળાઓમાં ઋણાનુબંધ યોજનાનો અમલ થશે.
- ♥ પાકિસ્તાનમાં અમેરિકી ડ્રોન હુમલો, ૬ ત્રાસવાદીના મોત.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

હસ્તિનાપુર આવીને ચારુ ત્રણ સંકલ્પ લે છે : (૧) ‘‘હવેથી મને કોઈ ચારુ કહીને બોલાવશે નહીં, આ અગાઉ જેમ ગાંધારથી ખરીદવામાં આવેલી કન્યાને ઈતિહાસે ગાંધારી નામ આપ્યું એમ હું પણ ગાંધારી તરીકે જ ઓળખાઈશ.’’, (૨) ‘‘દામિની, (ગાંધારીની સખી) — મને શ્યામ વસ્ત્રનો ટુકડો આપ, મારી આંખે બાંધવો છે. મારે અંધ કુરુ પુત્રનું મુખ પણ જોવું નથી અને હવે મારે આજીવન અંધકારમાં ડૂબી જવું છે.’’, (૩) ‘‘આજ સુધી મેં જે ખુલ્લી આંખે જોયું નથી તે હું બંધ આંખોએ જોઈ રહી છું કે હું ભીષ્મના આ અધાર્મિક અને પાપભર્યા કૃત્યનું વેર અવશ્ય લઈશ. હું આ કૃત્યને ભુલીશ નહીં. આ દંભીઓનાં દંભને, એમની કીર્તિને, એમના રાજપાટને હું વેરવિખેર કરીને જ જંપીશ.’’

લગ્નની પ્રથમ સંધ્યાએ જ ધૃતરાષ્ટ્ર પત્ની ગાંધારી સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે કે ‘‘આપણને સંતાનપ્રાપ્તિ જલદી થાય અને એ પણ પુત્રપ્રાપ્તિ થાય તો જ એને યુવરાજ તરીકે રાજગાદી ઉપર બેસાડી શકાય. કારણ કે ભીષ્મ પિતામહને પાંડુ પ્રત્યે વિશેષ પ્રીતિ છે અને પાંડુ રોગીષ્ટ અને નપુંસક હોવાથી પાંડુની પત્ની પૃથા (કુંતી)ને નિયોગથી ગર્ભ રહે એ માટે ભીષ્મ પ્રયત્નશીલ છે.’’ અથઃ શ્રી મહાભારત કથાઃ - અહીં છે માત્ર કપટ અને કાવાદાવા — કુટિલ રાજનીતિ.

ભીષ્મ સોનું આપીને પોતાને બજારુ ચીજની માફક ખરીદી લાવ્યા હોવાનો ડંખ ચારુ (ગાંધારી)ને પહેલેથી જ રહ્યો છે. ગાંધારીને ધૃતરાષ્ટ્ર સાથે કોઈ પ્રેમ કે આકર્ષણ નહોતાં એમ તેને કુરુ વંશનો વેલો આગળ

વધારવામાં પણ કોઈ જ રસ નહોતો. આમ છતા ભીષ્મની બાજી ઊંધી વાળવા માટે ચારુ (ગાંધારી) પૃથા (કુંતી) કરતાં પહેલાં ગર્ભધારણ માટે તૈયાર થાય છે. ગાંધારી મનોમન પ્રતિજ્ઞા લે છે કે ‘‘સોનાથી ખરીદીને એક અંધને પરણાવનાર ભીષ્મને હું એવો દંશ દઈશ કે જેથી એ મરી નહીં શકે અને મોત સુધી તરફડતો રહે.’’ કથાનું કદાચ આ સીમાચિહ્ન છે, જ્યાંથી ઘણા બધા વળાંકો પર કથા આગળ વધે છે. અથઃ શ્રી મહાભારત કથાઃ —

સ્ટૉપરઃ

સ્ત્રીનું મૂલ્ય આંકી શકાય નહીં — સ્ત્રીનું અવમૂલ્યન કરી શકાય નહીં.

## મમતા બેનર્જી સામે હાલ બળવાની સ્થિતિ

કોલકાતા,તા. ૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ હાલમાં અસંતોષનો સામનો કરી રહ્યા છે. તેમની પાર્ટીમાં રહેલા કેટલાક લોકો મમતા બેનર્જીથી નાખુશ દેખાઈ રહ્યા છે. શારદા કૌભાંડમાં ફસાયેલા પત્રકાર અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કૃણાલ ઘોષ કોલકાતામાં એક કાર્યક્રમમાં પક્ષની વિરુદ્ધમાં નિવેદન કરતા નજરે પડ્યા હતા. અલબત્ત પક્ષે કહ્યુ છે કે મમતા બેનર્જી સામે બળવાની કોઈ પણ સ્થિતિ નથી પરંતુ છેલ્લા બે દિવસમાં જે પ્રકારનો ઘટનાક્રમ જોવા મળી રહ્યો છે તે દર્શાવે છે કે મમતા બેનર્જી સામે નારાજગી દેખાઈ રહી છે. શુક્રવારના દિવસે બ્લડ ડોનેશન કેમ્પમાં બળવો ખુલ્લીરીતે સપાટી પર આવ્યો હતો. બળવાખોર તૃણમૂલના સાંસદ સોમન મિત્રા દ્વારા રક્તદાન કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યુ હતુ. ઘોષ ઉપરાંત પક્ષના અન્ય બે સાંસદોને લઈને પણ હાલમાં પક્ષમાં નારાજગી દેખાઈ રહી છે. ઘોષે રવિવારના દિવસે કરોડોના કૌભાંડમાં તપાસની માંગ કરી હતી.

**કેદારનાથની યાત્રા પહેલીથી શરૂ કરાશે**

## પવિત્ર ગંગોત્રી યાત્રા ધાર્મિક માહોલમાં ફરીવાર શરૂ થઈ

દહેરાદૂન,તા.૨૪

ચાર ધામની યાત્રા પૈકીની એક ગંગોત્રીની યાત્રા આજે જોરદાર ધાર્મિક માહોલમાં ફરી શરૂ થઈ ગઈ હતી. ઉત્તરાખંડમાં વિનાશકારી પૂરના અનુસંધાનમાં ત્રણ મહિના સુધી ગંગોત્રી યાત્રાને બંધ રાખવામાં આવ્યા બાદ આજે આ યાત્રા ફરી શરૂ થઈ હતી. ઉત્તરકાશી જિલ્લાના મેજિસ્ટ્રેટ પંકજ પાંડેએ ગઈકાલે ગંગોત્રી વિસ્તારમાં માર્ગોની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ મુજબનો નિર્ણય લેવામાં આવ્યો છે. સત્તા વાર યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે આ યાત્રાની ફરી શરૂઆત થઈ છે. ગઈકાલે જ કહેવામાં આવ્યુ હતુ કે આ યાત્રા શરૂ કરવામાં આવે તે માટે કોઈ તકલીફ નથી. દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ગંગોત્રીની યાત્રામાં જોડાઈ શકે છે જો કે હાલમાં ઉત્તરકાશી સુધી જ ભારે વાહનો જઈ શકશે. ત્યાંથી શ્રદ્ધાળુઓને નાના વાહનોમાં ગંગોત્રી જવું પડશે. ગડવાલમાં આ ધાર્મિક સ્થળ ખાતેના રૂટ પર હજુ પણ સમારકામની પ્રક્રિયા ચાલી રહી છે. ૧૬મી જૂનના દિવસે રાજ્યમાં વિનાશકારી પૂર બાદ આ યાત્રા બંધ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લખનીય છે કે ઉત્તરાખંડના મુખ્યપ્રધાન વિજય બહુગુણા કહી ચુક્યા છે કે કેદારનાથની યાત્રા ૧લી ઓક્ટોબરથી શરૂ થશે. જો કે તેમને સ્પષ્ટતા કરી છે કે આ અંગે અંતિમ નિર્ણય ૩૦મી સપ્ટેમ્બરના દિવસે મળનારી ટોચની સરકારી અધિકારીઓની બેઠકમાં લેવામાં આવશે. હાલમાં જ કુદરતી હોનારતના કારણે કેદારનાથમાં અભૂતપૂર્વ નુકસાન થયું હતું. હજારો લોકોના મોત થઈ ગયા હતા. ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું છે કે હાલમાં માત્ર મર્યાદિત સંખ્યામાં શ્રદ્ધાળુઓને ગોરીકુંડથી કેદારનાથ તરફ જવાની મંજૂરી આપવામાં આવશે. કારણ કે કેદારનાથ તરફ દોરી જતાં માર્ગને બનાવવાની કામગીરી હજુ ચાલી રહી છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ ટ્રેક ઉપરથી પસાર થાય તે બાબત યોગ્ય રહેશે નહીં. દરમિયાન અન્ય યાત્રાઓ પહેલાથી જ શરૂ થઈ ચુકી છે.